# પાલનપુરમાં પલ્સના એજન્ટો અને ગ્રાહકોની રેલી

## જિલ્લા કલેક્ટરને આવેદન આપી રજુઆત કરી : સુપ્રીમ કોર્ટના આદેશનું અપમાન થઈ રહ્યું છે : ગ્રાહકો



બનાસકાંઠા જીલ્લામાં અનેક છેતરપીડી કરતી ઠગ કંપનીઓ વાંરવાર લોકોને છેતરતી હોય છે. થોડા દિવસ અગાઉ અર્બુદા અને ખેતેશ્વર ક્રેડીટ સોસાયટીના નામે લોકો સાથે કરોડો રૂપિયાની ઠગાઈ કરવામાં આવી છે. ત્યારે મલ્ટીનેશનલ કંપની તરીકે પોતાની ઓળખ ધરાવતી પ્લસ કંપનીએ પણ લાખો લોકોના નાણાં ચાઉ કર્યા છે. સુપ્રીમ કોર્ટના આદેશ છતાં પીડિતોને તેમના નાણાં પરત કરવામાં આવ્યા નથી. જેથી આ મામલે આજે બનાસકાંઠા જીલ્લાના લોકોએ કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. લોકોને લોભામણી લાલચો આપી ક્રેડીટ અને બચત કંપનીઓ કરોડોનું કૌભાંડ આચરે છે. પરંતુ સરકાર આ બાબતને ગંભીરતાથી લેતી નથી. સહારા બાદ પ્લસ નામની કંપની દ્વારા પણ લાખો લોકોના નાણાં પડાવી લેવામાં આવ્યા. જેમાં પીડિતો અને એજન્ટો દ્વારા કોર્ટના શરણે ગયા હતા. સુપ્રીમ કોર્ટ દ્વારા પણ લોઢા કમિટી અને સેબીને આ મામલે પીડિતોના નાણાં પરત કરાવવા માટેના આદેશ કરવામાં આવ્યા હતા. પરંતુ આજદિન સુધી આ મામલે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જેના કારણે રોકાણકારો અને પ્લસના એજન્ટોની સ્થિતિ કફોડી બની છે. સુપ્રીમ કોર્ટના આદેશ છતાં આ મામલે કોઈ કાર્યવાહી ન થતા આજે બનાસકાંઠા જીલ્લાના લોકોએ મુખ્યમથક પાલનપુર ખાતે રેલી નીકાળી કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. લોકોને તેમના નાણાં પરત મળે તે માટેની અરજ કરી હતી.

### અમારા નાણાં ફસાયેલા છે, પરંતુ આ મામલે કોર્ટના આદેશ છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી

બનાસકાંઠાના અંતરિયાળ વિસ્તારોમાં અનેક લોકોને લોભામણી લાલચો આપી તેમની સાથે ઠગાઈ કરવામાં આવે છે. કરોડો રૂપિયાનું કૌભાંડ આચરી પ્લસ કંપનીના સંચાલકો અને જવાબદાર અધિકારીઓ સામે આજદિન સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. આ મામલે પીડિતોએ સુપ્રીમ કોર્ટ સુધી લડત આપી તેમ છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવીઓ નથી. જેથી આ મામલે યોગ્ય કાર્યવાહી થાય અને લોકોના એનક વર્ષોથી ડૂબેલા નાણાં પરત મળે તે માટે આજે પીડિતો મોટી સંખ્યામાં પાલનપુર ખાતે આવ્યા હતા અને આવેદનપત્ર આપ્યું હતું. આ મામલે યોગ્ય કાર્યવાહી કરવામાં નહિ આવે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# અરવલ્લીના ભિલોડામાં પાવરગ્રીડ કંપનીની જોહુકમી સામે વિરોધ રેલી યોજાઈ

મોડાસા, તા.૧૦

અરવલ્લી જિલ્લામાં ભિલોડામાં સોમવારે ઉભા પાકમાં વીજ ટાવર ઊભા કરવાના અને કોઈપણ વળતર નહિ ચુકવાતા રોષે ભરાયેલા ખેડૂતોએ પાવરગ્રીડ કંપનીની જોહુકમી સામે વિશાળ વિરોધ પસાર થઈ રહી છે.

આ પાવરગ્રીડ કંપની દ્વારા ગેરબંધારણીય રીતે આદિવાસીઓની માલિકીની જમીનમાં હસ્તક્ષેપ કરી બળજબરી અને ભય બતાવી કામકાજ ચાલુ કરેલ છે અને ગરીબ ખેડૂતોના ખેતરો અને ઉભો પાક નાશ




રેલી યોજીને મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું.

ભિલોડા મામલતદારને આપવામાં આવેલ આવેદનપત્રમાં કરવામાં આવેલ રજુઆત મુજબ પાવરગ્રીડ કંપની દ્વારા બનાસકાંઠાથી ચિતોડગઢ સુધી ૭૬૫ કે.વી./૮૫૦ કે.વી.ની હેવી ડબલ સર્કિટ વીજ લાઈન અરવલ્લીના ભિલોડા તાલુકાના આદિવાસી અનુસૂચિત ક્ષેત્ર-૫ ના વિસ્તારમાંથી કરેલ છે. આ જમીનોમાં ખેડૂતો ત્રણેય સીઝનમાં ખેતી કરે છે અને ફળદ્રુપ જમીન છે. જે તે ખેડૂત માટે જીવનભરની આજીવિકા માટેનું સાધન છે. તેથી જેટલી જમીનને અસર થાય તેટલી જ ફળદ્રુપ જમીન જે તે વિસ્તારમાં ફાળવવામાં આવે તો જ આદિવાસી ખેડૂતો પોતાનો જીવનનિર્વાહ ચલાવી શકે તેવા સંજોગો છે તેવી રજૂઆતો કરાઈ છે.

## નરેન્દ્ર મોદી વિચાર મંચ આઈટીસેલના સાબરકાંઠા જિલ્લાના અધ્યક્ષ તરીકે હિતેશભાઈ શ્રીમાળીની નિમણૂંક

નરેન્દ્ર મોદી વિચાર મંચ આઈટીસેલના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. રમણકુમાર, રાષ્ટ્રીય મહાસચિવ અને ગુજરાત પ્રભારી નરેશ જી. ઠાકુર, ગુજરાત આઈટી સેલના ક્રાંતિકારી પ્રમુખ રેખાબેન રાવલના દ્વારા આઈટી સેલ ગુજરાતના સંગઠન મંત્રી દિપક પંડ્યાની ભલામણથી સાબરકાંઠા જિલ્લાના અધ્યક્ષ તરીકે હિતેશભાઈ શ્રીમાળીની નિમણૂંક કરાઈ છે. હિતેશભાઈ સાબરકાંઠા બીજેપીના કાર્યકર છે. હિતેશભાઈને સાબરકાંઠા જિલ્લા પ્રમુખ બનાવાથી કાર્યકરોમાં ઉત્સાહ ને ખુશીનો માહોલ છે.



# વડગામના ટીંબાચૂડીમાં દલિત યુવકો પર હુમલો

## હુમલામાં એક મહિલા સહિત નવ ઘાયલ : પોલીસે એક આરોપીની કરી ધરપકડ

વડગામ તાલુકાના ટીમબાચુડી ગામે ક્રિકેટ મેચમાં લાઈટ જતા શંકા રાખી ગામના દલિત પરિવારો પર હુમલો કરાયો હતો. મેચના આયોજકોને શંકા હતી કે દલિતોએ ચાલુ મેચમાં લાઈટ બંધ કરી દીધી હોવાની શંકાએ હુમલો કર્યો હતો. મેદાનની બાજુમાં જ દલિતોના ઘર હોવાથી બાર જણના ટોળાએ રહેતા દલિત પરિવાર પર હુમલો કર્યો હતો. જે હુમલામાં એક મહિલા સહિત આઠ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જેમને મોડી રાત્રે સારવાર અર્થે સિવિલમાં ખસેડાયા હતા. જ્યારે બનાવની જાણ થતાં ડી.વાય.એસ.પી. અને છાપી પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. જ્યારે પીડિતોની ફરિયાદને આધારે પોલીસે બાર લોકો સામે એટ્રોસિટી એક્ટ મુજબ ફરિયાદ દાખલ કરી હતી. જ્યારે આ મામલે પોલીસે એક આરોપીની ધરપકડ કરી હતી. જ્યારે આ ઘટનાને પગલે દલિત આગેવાનો સિવિલ ખાતે દોડી આવ્યા હતા અને દલિતો પરના હુમલાને વખોડયો હતો.



## ટોરડા પાસેના કુંડોલ-પાલના ઘાંટામાં રોડનું કામ ચાલુ થતાં ૨૦ જેટલા ગામોને પારાવાર મુશ્કેલી

### ડાયવર્ઝન મુકવા વાહનચાલકોની માંગ

ભિલોડા,તા.૧૦

ભિલોડા તાલુકાના કુંડોલ-પાલના ઘાંટામાં રસ્તાનું કામ ચાલું થતાં કુંડોલ-પાલ જવા માટે ટોરડા, ભાણમેર, ધનસોર, પહાડા, આંબાબાર, બુઢેલી, રામપુરી તેમજ અન્ય ૨૦ ગામોને કુંડોલ-પાલ જવા માટે ૨૦ કિ.મી. ફરવું પડે છે.

કાળઝાળ, પારાવાર ગરમીમાં તડકામાં સેકાઈ જઈ લોકો કુંડોલ-પાલ જઈ રહ્યા છે ત્યારે મોડેપણ તળાવ પાસે ફક્ત ૨૫ મીટર દુર જુનો રસ્તો છે તેમાં ગાંડા બાવળ દુર કરી દેવામાં આવે તો સીધા કુંડોલ-પાલ જઈ શકાય તેમ છે. આ ગાંડા બાવળો સત્વરે દુર કરી આ જુનો રસ્તો ચાલું કરાવવા ૨૦ જેટલા ગામોની હાલાકી દુર થઈ શકે તેમ છે. ભિલોડા ધારાસભ્ય અને માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ તેમજ કુંડોલ-પાલ, ધનસોર ગામના સરપંચો ધ્વારા સત્વરે ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી આ રસ્તો ખુલ્લા કરાવી, લોકોને પડતી હાલાકી દુર કરાવે તેવી પ્રબળ લોકમાંગણી પ્રસરી છે.

# ધાનેરાના ઓશીયા ગામે ખેતરમાં ભીષણ આગ

## ૫૦ બોરીથી વધુ ઘઉં અને ૧૦૦ બોરી તમાકુ બળીને ખાખ : સરકાર આ ગરીબ પરિવારની વ્હારે આવે અને તેમને સહાય આપે : ગ્રામજનોની માંગ

ધાનેરા, તા. ૧૦

ધાનેરા તાલુકાના આશીયા ગમે રહી ખેતી કરી પોતાનું અને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા દેવાભાઈ ગલચર અને કોળી ઈશ્વરજી પોતે સીઝનમાં તમાકુ અને ઘઉંની ખેતી કરી હતી. જેમાં ૧૦૦ બોરી કરતા વધારે તમાકુ થઈ હતી અને ૫૦ બોરી કરતા વધુ ઘઉં થવાની શક્યતા હતી. તમાકુની બોરી ભરી પોતાના ખેતરમાં મૂકી હતી અને ઘઉં કાપી ખેતરમાં મુખ્ય હતા. પરંતુ આજે બપોરના સમયે આ ખેતરમાં આગ લગતા બધુજ બાળીને ખાખ થઈ જવા પામ્યું હતું અને ગરીબ પરિવારને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો હતો.

સમગ્ર ઘટનાની જાણ ધાનેરા ફાયર અધિકારીને કરતા ધાનેરાનું ફાયર ફાયટર તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયું હતું, પરંતુ ફાયર ઘટના સ્થળે પહોંચે તે પહેલા તો બધું બાળીને ખાખ થઈ જવા પામ્યું હતું પરંતુ આગ વીકરાળ બને અને મોટી જાનહાની સર્જે તે પહેલા ફાયર આશિકારી ધ્વારા આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. ધાનેરા તાલુકા વિકાશ અધિકારીને સમગ્ર ઘટનાની જાણ થતા તે પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ગરીબ ખેડૂત પરિવારને સહાય આપવાનો દિલાસો આપ્યો હતો. અત્યારે તો ખેડૂત પરિવાર આ બધું જોઈ બેભાન થઈ ગયો છે અને સારવાર અર્થે ધાનેરા ખસેડવામાં આવ્યા છે. ત્યારે લોકો માંગણી કરી રહ્યા છે કે સરકાર આ ગરીબ પરિવારની વ્હારે આવે અને તેમને સહાય આપે.









સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા સહિત ભિલોડા તાલુકામાં ઘઉંના હુંસેલનો ભાવ આસમાને પહોંચ્યો. પશુપાલન સાથે સંકળાયેલા પશુપાલકો ભારે મુંઝવણમાં મુકાયા છે.

# કાંકરેજ તાલુકામાં ચૂંટણી અધિકારીઓના છબરડાથી ઉમેદવારો પરેશાન

## ચૂંટણીમાં નિશાન બદલાયા અને મતપેટીઓ જ્યાં રાખવામાં આવી છે ત્યાં સીસી ટીવી કેમેરાનો અભાવ, દરવાજામાં ખામી

કાંકરેજ, તા. ૧૦

કાંકરેજ તાલુકાની સામાન્ય ગ્રામ પંચાયતોની ચૂંટણી યોજાઈ ગઈ. જેમાં રૂવેલ ગામમાં વોર્ડના ઉમેદવારોને નિશાન બદલાતાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો અને અંતે બહિષ્કાર કરાયો ત્યારે ૧૫ ગ્રામ પંચાયતોની મતપેટીઓ શિહોરી સિડ્ફાર્મ ખાતે આવેલ કૃષિ સંશોધનની ઓફિસના ઉપરના માળે રાખવામાં આવી છે. જ્યાં દરવાજો બંધ કરી સીલ મારવામાં આવ્યો છે. તે કેટલા અંશે બરાબર કહેવાય અને તેની રખેવાળી કેટલી યોગ્ય ગણાય તે તસવીરમાં દૃષ્ટીગોચર થાય છે. દરવાજાનું હેન્ડલ પુરૂ બહાર છે જે સ્ટોપરની અંદર નથી ત્યારે ચૂંટણી અધિકારીઓ અને કર્મચારીઓ શું જોઈને સીલ માર્યો હશે ? લોખંડની પાઈપથી સામાન્ય રીતે હાલગરો વાળી શકાય અને સિલ પણ ન તૂટે તેની સગવડતા સાથે મરાયુ સીલ. જુઓ મામલતદાર કચેરીના આ છબરડા પછી લોકો અને ઉમેદવારોની શી દશા થાય ત્યારે તંત્ર દ્વારા આવી બાબતોને કાળજીપૂર્વક ધ્યાને લઈ રૂવેલના ઉમેદવારોને ન્યાય અપાવે તેમજ સિલ કરેલ દરવાજો અને તેમાં રહેલ મતપેટી કેટલી યોગ્ય કહેવાય.




# પ્રાંતિજ તાલુકા વીસીઈઓ દ્વારા તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકામાં વીસીઈઓ તરીકે કામગીરી કરતાં વીસીઈઓ દ્વારા તેમણી વિવિધ માંગણીઓને લઈને પ્રાંતિજ તાલુકા વિકાસ અધિકારીને આવેદનપત્ર આપ્યું હતુ. પ્રાંતિજ તાલુકામાં આવેલ ગ્રામ પંચાયત કચેરીએ ઈ.ગ્રામ સેન્ટરોમાં વીસીઈ તરીકે છેલ્લાં દશ વર્ષથી ફરજ બજાવતા ૫૭ વીસીઈઓ દ્વારા હાલ તાલુકામાં કમીશન પર કામગીરી આપી રહ્યાં છે અને ગ્રામ્ય વિસ્તારોમાં ફરજ બજાવે છે જ્યારે હાલ ઓનલાઈન થતાં જે તે વ્યક્તિ ગમે તે જગ્યાએથી ઉતારા સહિત કઢાવી લે છે અને મહિનાનું ફિક્સ કામ કે પગાર જેવું હોતું નથી જેથી મહિનાનું ૨૦૦ થી ૩૦૦ રૂપિયા સુધીનું કામ થાય છે જેથી સરકાર દ્વારા ફિક્સ પગાર તથા કાયમીનો લાભ તથા ઈ-ગ્રામ સેન્ટરમાં પડતી મુશ્કેલીઓ સહિતની વિવિધ માંગણીઓ સહિત સરકાર દ્વારા યોગ્ય પગલા ભરવામાં આવે તેવી માંગણી સાથે તાલુકાના તમામે તમામ વીસીઈઓ દ્વારા પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે આવીને તાલુકા વિકાસ અધિકારીને વિવિધ માગણીઓને લઈને આવેદનપત્ર આપ્યુ હતું.



# નાંદલાથી જડીયાલી સુધીનો રોડ ૫.૪૦ કરોડના ખર્ચથી બનશે

પાલનપુર, તા. ૧૦

બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના ઘાણા મુકામે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ રાજયમંત્રી કેશાજી ચૌહાણના હસ્તે રોડના કામનું ખાતમૂર્હત કરવામાં આવ્યું હતું. મંત્રીના હસ્તે ખાતમૂર્હત કરવામાં આવેલ આ રસ્તો નાંદલાથી જડીયાલી સુધી ૭.૮ કિ.મી.નો રોડ રૂ. ૫,૩૯,૪૦,૭૪૫ના ખર્ચથી નિર્માણ પામશે. આ પ્રસંગે મંત્રી કેશાજી ચૌહાણે લોકોને અભિનંદન આપતાં જણાવ્યું કે ગયા ચોમાસામાં આવેલ પૂરથી આ રસ્તો તુટી ગયો હતો આજે તેનું ખાતમુર્હૂત કરવામાં આવતા આ વિસ્તારની પ્રજાને સારી સુવિધા મળશે. તેમણે કહ્યું કે રાજય સરકાર ધ્વારા રોડ, પંચાયત ઘરો, આરોગ્ય કેન્દ્રો વગેરેની મંજુરી લોકોની માંગણી પ્રમાણે આપવામાં આવી છે તેનું આ માસ દરમ્યાન ખાતમૂર્હત કરવામાં આવશે. તેમણે કહ્યું કે આપણા લોકપ્રિય મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના શાસનમાં રાજયમાં વણથંભી વિકાસયાત્રા ખુબ તેજ ગતિથી આગળ વધી રહી છે તેમજ વિકાસ અને સુશાસનનાં ફળ છેવાડાના વ્યકિતઓ અને વિસ્તારો સુધી સરળતાથી પહોંચી રહ્યાં છે.

પ્રારંભમાં લાખણી તાલુકા ભાજપ પ્રમુખ હેમરાજભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતુ કે આ રસ્તો બનાવાથી ઘાણા, ધુણસોલ, જડીયાલી, નાંદલા સહિતના આજુબાજુના કેટલાંય ગામોને સારી સુવિધા પ્રાપ્ત થશે. તેમણે રાજય સરકારનો આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા.